અનુ.જાતિના મેડીકલ ડીગ્રી (એમ.બી.બી.
એસ.; બી.એસ.એ.એમ.; બી.એ.એમ.એસ.
અને બી.ડી.એસ.(ડેન્ટલ)) મેળવેલ ડૉક્ટરોને
સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા તથા અનુ.
જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો
સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન-
સહાયની યોજના.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
(સ.ક.પ્રભાગ),
ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા.૭૦/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૩૧/૩/૯૮

વંચાણે લીધા :-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૬/૮૦ નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૧૮૦/૧૦૨/જ

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૭/૮૦ નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૧૭૯/૮૬૬૧૭/મ

(૩) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૯/૩/૮૯ નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૮૮/૪૭૧૪/જ

(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૯/૩/૮૯ નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૮૮/૪૭૧૪/જ

ઠ રા વ :-

અનુ.જાતિના તબીબી ડીગ્રી (એમ.બી.બી.એસ.; બી.એસ.એ.એમ.; બી.એ.એમ.એસ.(આયુર્વેદ) અને બી.ડી.એસ.(ડેન્ટલ)) મેળવેલ વિદ્યાર્થીઓને ડૉક્ટરનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે આ વિભાગના તા.૨૯/૩/૮૯ ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૮૮/૪૭૧૪/જ મા જણાવ્યા પ્રમાણે રૂ.૨૫,૦૦૦/- સહાય અને રૂ.૨૫૦૦૦/- વ્યાજ મુક્ત લોન આપવામાં આવે છે તેમજ અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય કરવા માટે રૂ.૫૦૦૦/- સહાય અને રૂ.૫૦૦૦/- વ્યાજ મુક્ત લોન આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના

....૨...

તબીબી સ્નાતકો તથા કાયદાના સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે હાલ આપવામાં આવતી નાણાંકીય સહાયમાં વધારો કરવાની બાબત તથા લાભાર્થીની આવક મર્યાદા માં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રીએ અનુ.જાતિના તબીબી સ્નાતકો તથા કાયદાના સ્નાતકોને નીચે જણાવ્યા પ્રમાણે લોન-સહાય આપવાનું ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) તબીબી સ્નાતકો | રૂ. ૨૫,૦૦૦/- સહાય, યથાવત<br>રૂ. ૪૦,૦૦૦/- લોન ૪% વાર્ષિક વ્યાજના દરે |
| (૨) કાયદાના સ્નાતકો | રૂ. ૫૦૦૦/- સહાય યથાવત<br>રૂ. ૭,૦૦૦/- લોન ૪% વાર્ષિક વ્યાજનાદરે |

આ સુધારેલ લોન-સહાયના દર તા. ૧-૪-૯૮ થી લાગુ પાડવાના રહેશે.

આ યોજનાની શરતો અને નિયમો અગાઉના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે યથાવત રહેશે પરંતુ હાલની વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/- ની આવક મર્યાદામાં વધારો કરીને આ યોજનાનો લાભ અરજદાર કે અરજદારના મા-બાપ/વાલી સહિત કુટુંબના તમામ સાધનોની કુલ વાર્ષિક આવક રૂ. ૨૪૦૦૦/- કરતાં વધુ ન હોય તેવી વ્યકિતઓને આપવામાં આવશે તેમ ઠરાવવામાં આવે છે.

આ યોજના માટે ચાલુ વર્ષના અંદાજ પત્રમાં કરવામાં આવેલ સહાય માટેની રૂ. ૫.૦૦ લાખ અને લોન માટેની રૂ. ૫.૦૦ લાખ ની જોગવાઈ નો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદરો હેઠળ થયેલ જોગવાઈ માંથી મેળવવાનો રહેશે.

૧) સહાય માટે

૨૨૨૫, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ-૧૦૨ આર્થિક વિકાસ-બીસીકે-૨૬ અનુ.જાતિ- માટે ખાસ અંગભૂત યોજના કાયદા અને તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય

(૨) લોનમાટે

૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિતજનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ ૧૯૩, સ્વૈચ્છિક સંસ્થાઓને લોન-બીસીકે-૨૬ અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના -કાયદા અને તબીબી સ્નાતકોને લોન સહાય.

...૩..

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગના તા. ૩૧-૩-૯૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી. બે. ગજ્જર)
સેક્શન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ,

પ્રતિ,
મંત્રીશ્રી (સ.ક.) ના અંગત સચિવશ્રી,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ
પે એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)
નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
ખ-૧ શાખા સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પસંદગી ફાઈલ.
:વાચેલા: ૩૧/૩

જાવક રવાના

તા. -3-98

31/3